IJCRT.ORG ISSN : 2320-2882

INTERNATIONAL JOURNAL OF CREATIVE RESEARCH THOUGHTS (IJCRT)

An International Open Access, Peer-reviewed, Refereed Journal

# માર્કણ્ડેયપુરાણમાં દૃશ્યમાન મદાલસાનું અજોડ હાલરડું અને તેમાંથી નિષ્પન્ન થતી બાળશિક્ષા

Dr.Jay U Oza

Paresh Raval
M.A., Children's University

Assistant Professor,
Children's University,
Gandhinagar, Gujarat

Abstract : આખા વિશ્વની કોઈ યુનિવર્સિટીમાં બાળકનું ઘડતર કે નિર્માણ ન થઈ શકે તેવું એક માતા કરી શકે છે. પરિણામે એવું કહી શકાય કે એક માતા ધારે તે કરી શકે છે. આજે વિજ્ઞાને જ્યારે હરણફાળ ભરી છે ત્યારે વિભિન્ન મનોવૈજ્ઞાનિકોએ પણ બાળકના વિકાસ,વૃદ્ધિ અને તેમને અસર કરતા પરિબળોની ચર્ચા કરી છે. તેમના સંશોધનને માનવામાં આપણને બેમત નથી પણ આ જ વાત વર્ષો પહેલાં આપણા સાહિત્યમાં કહી દેવામાં આવી છે અને એ માર્કણ્ડેયપુરાણમાં રાણી મદાલસાએ કરી બતાવ્યું છે. મનોવૈજ્ઞાનિકોએ પણ બાળકના વિકાસના તબક્કા અને તેની અસર કરનાર પરિબળો વગેરે બતાવ્યા છે તેમણે તો એટલા સુધી કહ્યું છે કે બાળકનો વિકાસ ગર્ભમાંથી જ શરૂ થઈ ગયો હોય છે.

સદીઓ પહેલાં માર્કણ્ડેયપુરાણના 'મદાલસોપાખ્યાન'માં સંસ્કૃતનું એકમાત્ર હાલરડું કહી શકાય તેવો સંવાદ દર્શાવવામાં આવ્યો છે. અહીં રાણી મદાલસા પારણામાં સુતા પોતાના પુત્રોને યોગ્ય સલાહ કે માર્ગદર્શન આપી તેને ઉત્તમ વ્યક્તિ બનાવવાના પ્રયાસ કરી રહી છે. અને તેમણે સાબિત કરી બતાવ્યું છે કે બાળકના શરૂઆતના વર્ષોમાં થયેલું ઘડતર ભવિષ્યમાં એ બાળકને મહાન બનાવે છે. કુમળા છોડને બાળપણમાં જ યોગ્ય વળાંક આપી તેનું સિંચન કરે છે અને સમય જતા તે કુમળો છોડ વિશિષ્ટ સંસ્કારોથી સુસજ્જિત એક વિશાળ વટ વૃક્ષના રૂપમાં પરિણમે છે.

મદાલસા પોતાના રડતા બાળકને રાજી કરવા કહે છે કે –

**शुद्धोऽसि रे तात न तेऽस्ति नाम कृतं हि ते कल्पनयाधुनैव |**

**पञ्चात्मकं देहमिदं न तेऽस्ति नैवास्य त्वं रोदिषि कस्य हेतोः||**[i] (१)

હે પુત્ર તું તો એક શુદ્ધ આત્મા છે તારું કોઈ નામ નથી કે તારો કોઈ આકાર નથી. તને જે નામથી ઓળખવામાં આવે છે એ તો માત્ર કલ્પિત નામ છે જે તને હમણાં મળ્યું છે. તારું આ શરીર પંચમહાભૂતોનું બનેલું છે એ ન તો તારું છે કે ન તું તેનો છે. તો પછી કેમ રડે છે?

**न वा भवान् रोदिति वै स्वजन्मा शब्दोअय्मासाद्य महीशसूनुम् |**

**विकल्प्यमाना विविधा गुणास्ते अगुणाश्च भौता:सकलेन्द्रियेषु ||**[ii] (२)

અથવા તું નથી રડતો આ અવાજ તો રાજકુમાર પાસે પહોંચીને આપમેળે પ્રગટ થાય છે તારી બધી ઈન્દ્રિયોમાં જે અલગ અલગ ગુણો અને અવગુણોની કલ્પના થાય છે તે પણ પંચભૂત જ છે.

**भूतानि भूतोपरि दुर्बलानि वृद्धिं समायान्ति तथेह पुंसाम ।**

**अन्नाम्बुदानादिभिरेककस्य न तेऽस्ति वृद्धिर्न च तेऽस्ति हानिः ॥**[iii] (૩)

હે પુત્ર જેમ આ જગતમાં અત્યંત દુર્લભ પ્રાણી અન્ય ભૂતો અન્ય ભૂતોના સહયોગથી વૃદ્ધિ પામે છે એ જ પ્રમાણે અન્ન અને જળ વગેરે ભૌતિક પદાર્થોને આપવાથી મનુષ્યના પંચભૂતના શરીરની જ પૃષ્ટિ થાય છે. તેથી તારા આ શુદ્ધ અને પવિત્ર આત્માની ન તો વૃદ્ધિ થાય છે કે ન તો નુકસાન થાય છે.

**त्वं कञ्चुके सज्यमानो निजेस्मिन्नस्मिंश्च देहे मूढतां न व्रजेथाः ।**

**शुभाशुभैः कर्मभिर्देहमेनं मदाभिमूढैः कञ्चुकेऽस्मिन्पिनद्धः ॥**[iv] (૪)

હે પુત્ર તું પોતાના આ શરીર તથા આ શરીરરૂપી જે ઘર છે તે જીર્ણ થાય તો તેનો મોહ કરીશ નહીં. તને તારા શુભ અને અશુભ કાર્ય અનુસાર આ દેહ પ્રાપ્ત થયો છે. અને તારુ આ શરીર કે ખોળિયું મધ વગેરેથી બંધાયેલું છે પણ તું તો આનાથી સર્વથા મુક્ત છે.

**तातेति किञ्चित्तनयेति किञ्चित अम्बेति किञ्चिदपितेति किञ्चित ।**

**तवेति किञ्चिन्न ममेति किञ्चिद्धौतेषु सर्वं मुहुरालयेथाः ॥**[v] (૫)

આ સંસારમાં કોઈ જીવ પિતા રૂપે પ્રસિદ્ધ છે તો કોઈ પુત્ર કહેવાય છે. કોઈને માતા અને કોઈને પ્રિય સ્ત્રી કહેવાય છે. કોઈ આને મારું છે એમ કહીને અપનાવે છે અને કોઈ આ મારું નથી એવા ભાવથી પોતાનાથી અલગ માને છે. આ પ્રમાણે આ ભૂત સમુદાયના વિવિધ રૂપો છે એવું તારે સમજવું જોઈએ.

**दुःखानि दुःखापगमाय भोगान् सुखाय जानाति विमूढचेताः ।**

**तान्येव दुःखानि पुनः सुखानि जानाति विद्वानविमूढचेताः॥**[vi] (૬)

જોકે માનવીને સમસ્ત ભોગો દુઃખરૂપ અથવા દુઃખ આપનાર જ છે. છતાં આ મૂઢ મનના માનવી તેને દુઃખ દૂર કરનાર તથા સુખની પ્રાપ્તિ કરનાર સમજે છે. પણ જે જ્ઞાની છે, જેમનું ચિત મોહગ્રસ્ત નથી કે મોહમાં ડૂબેલું નથી તેઓ આ સુખને પણ દુખ જ માને છે.

**हासोऽस्थि संदर्शनमक्षियुग्म मत्युज्वलं यत्कलुषं वसाया:|**

**कुचादि पीनं पिशितं घनं तत् स्थानं रतेः किं नरकं न योषितः||**[vii](૭)

સ્ત્રીઓની શોભા શું છે હાડકાઓનું પ્રદર્શન જેને આપણે અત્યંત સુંદર નેત્ર કહીએ છીએ તે મજાની કુલુષિતતા છે અને મોટા મોટા સ્તન વગેરે માસની ગાંઠો છે. તેથી પુરુષ જેના ઉપર અનુરાગ કરે છે તે સ્ત્રી શું નરકની જીવતી જાગતી મૂર્તિ નથી?પૃથ્વી પર વાહનો ચાલે છે વાહન પર આ શરીર રહે છે અને આ શરીરમાં પણ એક બીજો પુરુષ બેઠેલો છે પરંતુ પૃથ્વી અને વાહનમાં તેવી મમતા દેખાતી નથી જેવી પોતાના દેહમાં દેખાય છે આ જ મૂર્ખતા છે

**यानं क्षितौ यानगतं च देहं देहेऽपिचान्यः पुरुषो निविष्टः ।**

**ममत्वमुर्व्या न तथा स्वे देहेऽतिमात्रं च विमूढतैषा ॥**[viii] (૮)

પૃથ્વી ઉપર વાહનો ચાલે છે. વાહન પર આ શરીર રહે છે. અને આ શરીરમાં પણ એક બીજો પુરુષ બેઠેલો છે. પરંતુ પૃથ્વી અને વાહનમાં તેવી મમતા દેખાતી નથી જેવી પોતાના દેહમાં કે શરીરમાં દેખાય છે. અને આ જ મૂર્ખતા છે.

જેમ જેમ રાણી મદાલસાનું તે બાળક મોટું થવા લાગ્યું તેમ તેમ મહારાણી મદાલસા તેને મમતાની સાથે સાથે જ્ઞાનનો ઉપદેશ આપવા લાગી. જેમ જેમ તેના શરીરમાં બળ આવતું ગયું અને જેમ જેમ તે પિતા પાસે વ્યવહારિક બુદ્ધિ શીખવા લાગ્યો તેમ તેમ માતાના વચનોથી

તેને આત્મતત્વનું જ્ઞાન પણ થઈ ગયું. આ પ્રમાણે રાણી મદાલસાએ જન્મથી જ પોતાના પુત્ર વિક્રાંતને એવો ઉપદેશ આપ્યો જેથી જ્ઞાની અને મમતા શૂન્ય થઈને તેણે ગૃહસ્થધર્મ પ્રત્યે પોતાના મનને જવા ન દીધું. આ પ્રમાણે જ્યારે મદાલસાના ગર્ભથી બીજો પુત્ર ઉત્પન્ન થયો ત્યારે પિતાએ તેનું નામ સુબાહુ રાખ્યું. આ સાંભળીને પણ મદાલસા હસવા લાગી તે બાળકને પણ તે પહેલાંની જેમ રમાડતા રમાડતા બાળપણથી જ એવો ઉપદેશ આપવા લાગી જેથી તે પરમ બુદ્દિમાન થઈ ગયો. ત્રીજો પુત્ર ઉત્પન્ન થયો જ્યારે રાજાએ તેનું નામ શત્રુમર્દન રાખ્યું. આ સાંભળીને પણ મદાલસા બહુ વાર સુધી હસતી રહી તથા તેને પણ તેણે પહેલાની જેમ બાળપણથી જ જ્ઞાનનો ઉપદેશ આપ્યો. પરિણામે તે બાળક મોટા થયા પછી નિષ્કામ કર્મ કરવા લાગ્યો

- **મનોવૈજ્ઞાનિક રીતે ઉપરોક્ત બાળશિક્ષાનું વિશ્લેષણ**

મનોવિજ્ઞાનના 'બાળકોનો મનોવૈજ્ઞાનિક અને ભાવનાત્મક ઉછેર' નામના પુસ્તકમાં જણાવ્યા મુજબ બાળક માતાને સારી રીતે ઓળખે છે તેની નાની નાની આજ્ઞાનું પાલન કરે છે.માતાનું સાનિધ્ય બાળકમાં સુરક્ષાની લાગણી ઉત્પન્ન કરે છે. મુસીબત, દુઃખ, નિરાશા, હતાશાની હાલતમાં બાળકો પ્રેમાળ હાથનો સ્પર્શ ઈચ્છે છે.[ix]

રાજા ઋતુધ્વજ જ્યારે ચોથા પુત્રનું નામકરણ કરવા તૈયાર થયા ત્યારે સદાચાર પરાયણ મદાલસા પર તેમની દૃષ્ટિ પડી. તે સમયે તે મંદ મંદ હસી રહી હતી. તેને હસતી જોઈને રાજાને થોડું કુતૂહલ થયું. તેથી તેમણે પૂછ્યું- 'દેવી ! જ્યારે હું નામકરણ કરું છું ત્યારે તમે હસો છો કેમ? એનું કારણ જણાવો. હું તો સમજુ છું વિક્રાંત, સુબાહુ અને શત્રુમર્દન આ નામો સુંદર છે. આ ક્ષત્રિયોને યોગ્ય તથા શૌર્યમાં ઊપયોગી છે. જો તમારા મનમાં એવી વાત હોય કે આ નામ સારા નથી, તો મારા આ ચોથા પુત્ર નું નામ તમે રાખો.'

મદાલસા બોલી- મહારાજ ! આપની આજ્ઞાનું પાલન કરવાનું મારું કર્તવ્ય છે તેથી આપ કહો છો તે પ્રમાણે હું જ આપના ચોથા પુત્રનું નામ રાખીશ. આ ધર્મજ્ઞ બાળક આ સંસારમાં 'અલર્ક' ના નામથી વિખ્યાત થશે. આપનો આ કનિષ્ઠ પુત્ર બહુ બુદ્દિમાન થશે. માતા દ્વારા રખાયેલા 'અલર્ક' આ અસંબંદ્ધ નામ સાંભળીને રાજા ખડખડાટ હસી પડ્યા અને આ પ્રમાણે બોલ્યા-'શુભે ! તમે મારા પુત્રનું જે અલર્ક નામ રાખ્યું છે, એનું શું કારણ છે? આવું અસંબંદ્ધ નામ કેમ રાખ્યું? આનો અર્થ શું છે?' મદાલસાએ કહ્યું- મહારાજ ! આ તો વ્યવહારિક કલ્પના છે. લૌકિક વ્યવહાર ચલાવવા માટે કોઈપણ નામ રાખી દેવામાં આવે છે. એનાથી પુરુષનો કોઈ પણ સંબંધ નથી. આપે પણ જે નામ રાખ્યા છે તે પણ નિરર્થક જ છે. કઈ રીતે ?તો હું કહું છું સાંભળો આમ કહી મદાલસાએ જણાવ્યું -

જ્ઞાની લોકો પુરુષ એટલે કે આત્માને વ્યાપક કહે છે. આપે પ્રથમ પુત્ર નું નામ વિક્રાંત રાખ્યું છે, એના અર્થ પર વિચાર કરો. ક્રાંતિનો અર્થ છે ગતિ. એક સ્થાનથી બીજા સ્થાન પર જવાને ગતિ કહેવાય છે. જ્યારે આ દેહનો ઈશ્વર આત્મા એ તો સર્વત્ર વ્યાપક છે, ત્યારે તે બીજી જગ્યાએ જઈ શકતો નથી. તેથી તેનું નામ વિક્રાંત રાખવું એ મને નિરર્થક લાગે છે. પૃથ્વીનાથ ! બીજા પુત્ર નું નામ જે સુબાહુ રાખવામાં આવ્યુ છે તે પણ વ્યર્થ જ છે કેમકે આત્મા નિરાકાર છે. તેને બાહુ ક્યાંથી આવી? ત્રીજા પુત્રનું નામ જે શત્રુમર્દન રાખવામાં આવ્યું છે મારા સમજવા પ્રમાણે તે પણ અસંબદ્ધ છે. એનું પણ કારણ સાંભળો . શત્રુમર્દનનો અર્થ છે-શત્રુનું મર્દન કરનાર. જ્યારે બધા શરીરોમાં એક જ આત્મા હોય છે. ત્યારે તેનો શત્રુ કોણ છે અને કોણ તેનો મિત્ર . મૂર્તિમાન ભૂતો દ્વારા મૂર્તિમાન ભૂતોનું જ મનર્દન થાય છે. આત્મા તો અમૂર્ત છે,તેનું મર્દન કઇ રીતે થઈ શકે ? ક્રોધ વગેરે આત્માથી અલગ હોય છે. તેથી આ અરિમર્દનની કલ્પના નિરર્થક જ છે. જો વ્યવહારનો સારી રીતે નિર્વાહ કરવા માટે આવા અસંગત નામોની કલ્પના થઈ શકતી હોય તો 'અલર્ક' નામમાં જ કેમ આપને નિરર્થકતા લાગે છે.

રાણી મદાલસા દ્વારા આ પ્રમાણે સારી રીતે સમજાવ્યા પછી બુદ્દિમાન મહારાજ ઋતુધ્વજે કહ્યુ –'તમારું કથન સત્ય છે.' ત્યાર પછી તેણે પહેલાં ત્રણ પુત્રોની જેમ તેને પણ જ્ઞાનપ્રદ વાતો સંભળાવવાની શરૂ કરી. ત્યારે રાજાએ તેને અટકાવીને કહ્યુ - અરે આ શું કરો છો? પહેલાં ત્રણ પુત્રોની જેમ આને પણ જ્ઞાનનો ઉપદેશ આપીને મારી વંશ પરંપરાનો નાશ કરવા તમે કેમ તૈયાર થઈ છો. જો તમારે મારૂં પ્રિય

કાર્ય કરવું હોય અને મારી વાતોને માનવી તમને ઉચિત લાગતી હોય તો મારા આ પુત્રને પ્રવૃત્તિમાર્ગમાં લગાવો. દેવી આમ કરવાથી કર્મમાર્ગનો ઉચ્છેદ નહીં થાય તથા પિતરોના પિંડદાન નો લોપ પણ નહીં થાય. તેથી સુંદરી ! તમે મારા પુત્રને એવો ઉપદેશ આપો કે જેથી આ લોક અને પરલોકમાં ઉત્તમ ફળ આપનારા ક્ષત્રિયોચિત કર્તવ્યોનું તેને પૂરેપૂરું જ્ઞાન હોય. પતિ ઋતુધ્વજના કહેવાથી શ્રેષ્ઠ નારી એવી મદાલસા પોતાના પુત્રને આ પ્રમાણે ઉપદેશ આપે છે-

**धन्योऽसि रे यो वसुधामशत्रु**
**रेकश्चिरं पालयितासि पुत्र |**
**तत्पालनादस्तु सुखोपभोगो**
**धर्मात् फ़लं प्राप्स्यसि चामरत्वम् ||१**
**धरामरान् पर्वसु तर्पयेथा:**
**समीहितं बन्धुषु पूरयेथाः |**
**हितं परस्मै ह्यदि चिन्तयेथा**
**मनः परस्त्रीषु निवर्तयेथा:|| २**
**सदा मुरारिं ह्यदि चिन्तयेथा**
**स्तद्ध्यानतोऽन्त:षडरीञ्ज येथाः |**
**मायां प्रबोधेन निवारयेथा**
**ह्यनित्यतामेव विचिन्तयेथा:|| ३**
**अर्थागमाय क्षितिपाञ्जयेथा**
**यशोऽर्जनायार्थमपि व्ययेथाः**
**परापवाद श्रवणाद्धि भीथा**
**विपत्समुद्राज्जन मुद्धरेथा:||[x] ४**

બેટા ! શત્રુરહિત થઈને એકલો જ ચિરકાળ સુધી આ પૃથ્વીનું પાલન કરતો રહીશ. પૃથ્વીના પાલનથી તને સુખ ભોગની પ્રાપ્તિ થાય છે. અને ધર્મના ફળ સ્વરૂપ તને અમરત્વ મળે. પર્વના દિવસે બ્રાહ્મણોને ભોજન દ્વારા તૃપ્ત કરજે. બંધુ-બાંધવોની ઈચ્છા પૂર્ણ કરજે. પોતાના હૃદયમાં બીજાના હિતનું ધ્યાન રાખજે અને પરાઈ સ્ત્રીઓ તરફ કદી મનને જવા દઈશ નહીં. પોતાના મનમાં સદા શ્રી વિષ્ણુ ભગવાનનું ચિંતન કરજે તેમના ધ્યાન વડે કામ-ક્રોધ આદિ છ એ શત્રુઓને જીતવા, જ્ઞાન દ્વારા માયાનો નિવારણ કરવું અને જગતની અનિત્યના નો વિચાર કરતા રહેવું. ધનની વૃદ્ધિ માટે રાજાઓ ઉપર વિજય પ્રાપ્ત કરવો. યશ માટે ધનનો સદ્વ્યય કરવો. પરાઈ નિંદા સાંભળતા ડરતા રહેવું તથા વિપત્તિમાં પડેલા લોકોનો ઉદ્ધાર કરવો.

હે વીર ! તું અનેક યજ્ઞો દ્વારા દેવતાઓને અને ધન દ્વારા બ્રાહ્મણો તથા શરણાગતોને પ્રસન્ન રાખજે અને યુદ્ધ દ્વારા શત્રુઓને પરાજિત કરજે. બાલ્યાવસ્થામાં ભાઈ-બંધુઓને આનંદ આપજે. કુમારાવસ્થામાં આજ્ઞા પાલન દ્વારા ગુરૂજનોને સંતુષ્ટ રાખજે. યુવાવસ્થામાં ઉત્તમ કુળને સુશોભિત કરનારી સ્ત્રીને પ્રસન્ન રાખવી અને વૃદ્ધાવસ્થામાં વનમાં નિવાસ કરીને વનવાસીઓને સુખ આપવું એ એક સજ્જનનું કર્તવ્ય છે.

**राज्यं कुर्वन् सुह्यदो नन्दयेथा:**
**साधून् रक्षंस्तात यज्ञैर्यजेथाः |**
**दुष्टान् विघ्नन् वैरिणश्चाजिमध्ये**
**गोवि प्रार्थे वत्स मृत्युं व्रजेथा:||[xi]**

હે પુત્ર ! રાજ્ય કરતા પોતાના સુહ્યદોને પ્રસન્ન રાખવા, સાધુપુરુષની રક્ષા કરતા રહીને યજ્ઞો દ્વારા ભગવાનનું યજન કરવું. સંગ્રામમાં દુષ્ટ શત્રુઓનો સંહાર કરતાં ગાયો અને બ્રાહ્મણોની રક્ષા માટે પોતાના પ્રાણ ન્યોચ્છાવર કરવા.

- **મનોવૈજ્ઞાનિક રીતે ઉપરોક્ત બાળશિક્ષાનું વિશ્લેષણ**

મનોવિજ્ઞાનના 'બાળકોનો મનોવૈજ્ઞાનિક અને ભાવનાત્મક ઉછેર'[xii] નામના પુસ્તકમાં જણાવ્યા મુજબ જીવનના પ્રારંભના સાત વર્ષ દરમિયાન બાળકનું મગજ કમ્પ્યુટર માફક કામ કરે છે. બાળકનું મગજ અનુભવો, વાસ્તવિકતાઓ,લાગણીઓ અને ઉર્મિઓના આઘાત-પ્રત્યાઘાતો જીવતું રહે છે.બાળકનું મગજ ટેપરેકર્ડર જેવું હોય છે કે જેમાં બાળક જે જુએ છે,સાંભળે છે,અનુભવ કરે છે તે બધું જ રેકડ થતું રહે છે.આથી મા-બાપે બાળકના જીવનના પ્રારંભના સાત વર્ષ ખૂબ જાગ્રત રહી બાળક સાથે વ્યવહાર કરવાનો છે.પુખ્ત વયના માનવીઓની વિચિત્રતાઓ,વિકૃતિઓ,રોગો અને જીવન વ્યવહારના તમામ આચાર વિચારમાં બચપણના શુભ કે અશુભ માનસિક આવેગો કામ કરતા હોય છે.

બાળકોના ઉછેરમાં ઊર્મિઓ ખૂબ જ મહત્વનો ભાગ ભજવે છે. ઊર્મિઓ હૃદયમાં જન્મ લે છે અને એનું પ્રગટીકરણ શરીરના અંગો દ્વારા થાય છે. પ્રેમની અવસ્થામાં આંખોમાંથી અમીરસ ઝરે છે અને ક્રોધની હાલતમાં આંખોમાં આગ પ્રજવલિત થાય છે. પ્રો.વોટસનનું મંતવ્ય છે કે જન્મેલું બાળક જુદા જુદા પ્રકારની ઊર્મિઓ સાથે જીવનની શરૂઆત નથી કરતું. આમ છતાં ભય, ક્રોધ અને પ્રેમ એ ત્રણ પ્રકારની ઊર્મિઓ નાનામાં નાના બાળકથી માંડીને દરેક વ્યક્તિમાં હોય છે એ ત્રણેય ઉર્મિઓ જન્મજાત હોય છે. દિવસ દરમિયાન આપણી લાગણીઓ, ઊર્મિઓમાં અનેક ભરતીઓટ અને ઋતુઓ આવે છે અને જાય છે. ઊર્મિ માનવજીવનમાં અદ્દભુત ભાગ ભજવે છે. પ્રેમ, આનંદ, કરુણા જેવી ઊર્મિઓ માનવીના જીવનમાં ન હોય તો માનવી અને પશુ સમાંતર ભૂમિ ઉપર આવી જાય છે.

યોગ્ય વાતાવરણ મળે તો જ બાળકે મોટા થઈને જે ભૂમિકા ભજવવાની છે એને અનુરૂપ કાર્યોની પ્રણાલીની તરાહ એનામાં ફેરવી શકાય. સહાનુભૂતિભર્યું વલણ બાળકને સુખી બનાવે છે. અને બાળકમાં પોતાના પ્રત્યે પોતાપણાની લાગણી ઉત્પન્ન થાય છે. બાળકની જરૂરિયાતો યોગ્ય રીતે સંતોષાય અને એની વિકાસયાત્રા સુખરૂપ પાર પડે એમાં જ સમાજનું કલ્યાણ રહેલું છે, એ સત્ય સમજીએ તો લાગશે કે બાળકને મૂળભૂત જરૂરિયાતો એ સમાજની પણ મૂળભૂત જરૂરિયાતો છે.

આ સનાતન સત્ય આપણા પુરાણસાહિત્યમાં વર્ષો નહીં પણ સદીઓ પહેલાં લખાયું હોવાનું મનાય છે. માર્કંડેયપુરાણમાં સદાચરણ પરાયણ રાણી મદાલસા આ બધી પ્રવૃત્તિઓને ધ્યાનમાં રાખી રાજા ઋતુધ્વજ અને તેનાથી ઉત્પન્ન થયેલ પુત્રો અનુક્રમે વિક્રાંત, સુબાહુ અને શત્રુમર્દનને યોગ્ય માર્ગદર્શન અને બોધરૂપી જ્ઞાન આપી આ સંસાર અને તેના તત્વો મિથ્યા છે એમ સમજાવી ત્રણેયને યોગી બનાવી દીધા જે આત્માથી પર હતા. અને પછી ચોથા પુત્ર અલર્કને રાજનીતિની શિક્ષા આપી તેને એક ઉત્તમ રાજા બનાવ્યો. આમ, રાણી મદાલસાએ સાબિત કરી બતાવ્યું છે કે બાળકને પ્રારંભમાં જ માતા-પિતા દ્વારા જે સંસ્કારોનું સિંચન કરવામાં આવે છે એ જ રીતે તે બાળકનું ઘડતર થાય છે.

---

i. માર્કંડેયપુરાણ

ii. એજન

iii. એજન

iv. એજન

v. એજન

vi. એજન

vii. એજન

viii. એજન

ix બાળકોનો મનોવૈજ્ઞાનિક અને ભાવનાત્મક ઉછેર

x માર્કણ્ડેયપુરાણ

xi માર્કણ્ડેયપુરાણ

xii બાળકોનો મનોવૈજ્ઞાનિક અને ભાવનાત્મક ઉછેર

## Reference Books

માર્કણ્ડેયપુરાણ, સંપાદક : નરેન્દ્રકુમાર જોશી, પ્રવીણ પ્રકાશન, ૨૦૧૨
બાળકોનો મનોવૈજ્ઞાનિક અને ભાવનાત્મક ઉછેર, ડો. હરકિશન ગાંધી, નવભારત સાહિત્ય મંદિર, ૨૦૦૩